सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૩૧ જૂલાઈ - ૨૦૧૧ અંક-૧

## વાલીઓને……

આ સંસ્થા બાળકોની સુરક્ષા માટે પોતાના પૂરતા પ્રયત્નો કરે છે. શાળા ચાલુ થયા પછી કોઈ બાળક બહાર ન જાય તેની પૂરી તકેદારી રાખવાનો પ્રયત્ન હંમેશા કરે છે. શાળાના કમ્પાઉન્ડમાં કે કમ્પાઉન્ડની બહાર બજારુ વસ્તુઓનું વેચાણ થવા દેતી નથી.

આમ છતાં આ માટેની કેટલીક મર્યાદાઓ છે તે તરફ વાલીઓનું ધ્યાન દોરૂં છું. આ બાબતથી વાલી અજાણ હોય તેમ નથી માનતો. શાળા છૂટ્યા પછી નજીકમાં આવેલા સ્થળોએથી ખાદ્ય પદાર્થો બાળકો લેતા હોય છે. જે બાબત વાલીથી અજાણ હોય તેમ માનવાને કારણ નથી.

બાળકનું ધ્યાન રાખવાનું કામ માત્ર શાળા ઉપર છોડી દેવાનું વલણ યોગ્ય નથી. આજે સમાજમાં ચારેકોર વિદ્યાર્થી લલચાય એવા અનેક ક્ષેત્રો છે અને આ બધા માટે વાલીએ જાગૃત રહેવું જરૂરી છે. શાળાના સમયની બહાર વિદ્યાર્થી કોચીંગ કલાસ ભરતો હશે ત્યાં તેના મિત્રો કેવા છે વગેરે બાબતમાં વાલીએ સાવધાન રહેવું પડશે. એવું જોવા મળ્યું છે, અન્ય શાળાના વિદ્યાર્થીઓના આવા સંપર્કથી શાળાની બહાર ઝગડાના બનાવો બનતા જણાયા છે.

વિદ્યાર્થી શાળામાં મોબાઈલ ન જ લાવે એ જરૂરી શિસ્ત છે જે અંગે વધુ જણાવવાનો ભાગ્યે જ અવકાશ રહે છે. વિદ્યાર્થી શાળામાં મોબાઈલ લાવશે તેને ગંભીર પ્રકારની અશિસ્ત ગણીશું અને ભારે શિક્ષા કરવાની થશે તેની નોંધ વાલી લે તેવી મારી વિનંતી છે.

ટુ વ્હીલર્સની આ કક્ષાના વિદ્યાર્થીઓને કોઈ જરૂર જણાતી નથી આમ છતાં વાલી લાચારી અનુભવી તે અપાવે છે. આને કારણે થતા અકસ્માતો તો ચિંતાનો વિષય છે પરંતુ અન્ય દૂષણોની ક્ષમતા પણ તે ધરાવે છે.

આજના મલ્ટી પ્લેક્સમાં વિદ્યાર્થીઓને ન જોવા જેવી ફીલ્મ જોવાની લાલચ રહે છે અને કેટલાક થીયેટરો આ ઉંમરના વિદ્યાર્થીઓના પ્રતિબંધને નજર અંદાજ કરતા હોય તે જણાયું છે.

ઠેર ઠેર વેચાતા ગુટકા મસાલાનું વેચાણ થતું હોય છે. વિદ્યાર્થી તેને રવાડે ન ચડે તે વાલીએ જોવું પડશે.

આડેધડ નાચગાનના કાર્યક્રમો વિદ્યાર્થીઓ માટે ગોઠવાતા જણાયા છે. સમાજમાં તેનો વિરોધ તો થતો નથી પરંતુ કેટલાક વાલીઓ આવા કાર્ય માટે પોતાના બાળકને પ્રોત્સાહન આપતા જણાયા છે. ટી.વી.ના કાર્યક્રમની વિપરીત અસરો ન પડે તે માટે વાલીઓ સમજપૂર્વક પોતાના પાલ્યને માર્ગદર્શન અને સમજ આપે એ જ સારો ઉપાય છે.

વિદ્યાર્થીઓની સુરક્ષિતતાની જરૂર આટલી હદે આ અગાઉ ક્યારેય ન હતી એટલું જણાવી વિરમું છું.

**દિનુભાઈ દવે**

## સ્મૃતિચિત્રો

### કૌસાનીમાં સ્વામી આનંદનું આતિથ્ય

૧૯૬૩ના ઉનાળુ વેકેશનમાં કુમાઉ પ્રદેશમાં જવાનું આયોજન થયું હતું. નૈનીતાલ-અલમોડા વગેરે સ્થળો ગિરિમથકો તરીકે જાણીતા છે પરંતુ બહુ ઓછા લોકો બિનસર અને કૌસાની વિશે તે સમયે જાણતા. કૌસાની જાણીતું એ રીતે હતું કે સ્વામી આનંદ ત્યાં રહેતા હતા ગાંધીજીએ ગીતાના અનાસક્તિ યોગ ઉપરનું ભાષ્ય કૌસાનીમાં લખેલું. આ સ્થળોએ તે દિવસોમાં જવાનું અત્યંત વિકટ હતું કારણકે રસ્તાઓ પહાડી અને કાચા તેમજ જોખમી હતા તેથી નિયમિત વ્યવહાર માર્ગ પણ આ સ્થળોએ ન હતો, આમ છતાં બિનસરની નજીકમાં આવેલ ''ખાલી'' નામનું સ્થળ એ અમદાવાદના જ બહુ જાણીતા કુટુમ્બના સભ્ય શ્રી નવનીતભાઈ પારેખે લીધું હતું. મૂળ તો આ સ્થળ અત્યંત નિર્જન પ્રદેશમાં બ્રિટિશ વખતના કમિશ્નરે રીસોર્ટ તરીકે બનાવ્યું હતું. પોતાને રહેવા માટેના નાના નાના કવાર્ટર્સ તૈયાર કરેલા. ઘોડા રાખવા માટે પણ ત્યાં તબેલાઓ બાંધવામાં આવ્યા હતા. નવનીતભાઈના આગ્રહથી ત્યાં જવાનું અમે ગોઠવ્યું. પંદરેક વ્યક્તિ બેસી શકે તેવી નાની જીપ જેવી બસો અમે કરી હતી.

અમારે માટે વિશેષ આનંદની વાત એ હતી કે શ્રી નવનીતભાઈને ત્યાં ખાલી અમારે જવાનું થયું એ જ અરસામાં ગુજરાતના જાણીતા લોકસેવક રવિશંકર મહારાજ, બાલગોવિંદ કુબેરદાસ પ્રકાશનના શ્રી ભાઈદાસભાઈ, શહેરના જાણીતા નાગરિક શાંતિભાઈ સાઠંબાકર, પંડિત વિષ્ણુદેવ વગેરે સૌ અમે ત્યાં સાથે ચારેક દિવસ રહ્યા હતા અને સ્વામી આનંદે કૌસાનીમાં અમારી સીત્તેરેક વિદ્યાર્થીઓ, દસેક શિક્ષકોને ઉતરવાની સગવડ અનાસક્તિ આશ્રમમાં ગોઠવી હતી. સ્વામીજી બે રૂમવાળા એક મકાનમાં રહેતા હતા જેમાં પૂર્વની તરફ મોટી કાચની બારી હતી જ્યાંથી હિમાલય દર્શન થઈ શકતું. એક રૂમમાં ખાટલો અને એ પ્રદેશમાં માખીઓના ત્રાસથી બચવા તેના ઉપર મચ્છરદાની હતી. આગળની રૂમમાં એક ટેબલ, તેના ઉપર તપેલી. એમાં સવારે દૂધ આવી જાય. પોતાનો વહેલી સવારે ફરવા જવાનો નિત્યક્રમ પતાવી લેખનનું કામ પૂરું થાય એટલે દૂધ લઈ લેતા અને તપેલી ધોઈને મૂકી દે. એ પ્રમાણે સાંજે દૂધ આવી જતું આ એમની ભોજન વ્યવસ્થા. અમારે ત્રણ દિવસ કૌસાનીમાં રહેવાનું થયું એ ત્રણે દિવસ વહેલી સવારે એટલે કે પાંચેક વાગે વિદ્યાર્થીઓને સ્વામી આનંદ પોતાની સાથે સૂર્યોદય જોવા લઈ જાય અને વિવિધ શિખરોની માહિતી અત્યંત આનંદપૂર્વક આપે. સૂર્યોદયના આ પ્રસંગનું આ અગાઉ ''શારદ'' માં મેં એક ''સ્મૃતિચિત્રો''માં ઉલ્લેખ કર્યો છે. સ્વામી આનંદનું આ પ્રેમભર્યું આતિથ્ય અમારું મધુર સ્મરણ બની ગયું.

**દિનુભાઈ દવે**

## બાળકને વિકસાવવું છે ? ખિલવવું છે ?

'બેન ! મારી હેલી કશું જ લખતી નથી. સ્કૂલ ખુલે આજે લગભગ બે અઠવાડિયા થવા આવ્યાં, કશું જ લખ્યાં વીના આવે તો તેને હું ઘેર ભણાવું કેવી રીતે ? મને શું ખબર પડે કે તેને વર્ગમાં શું શીખવાડયું હશે. એને ઘરકામ પણ કેવી રીતે કરાવું ? મને તો કંઈ જ સમજ નથી પડતી, એવી ચિંતા થાય છે, એનું કરવું શું ?'

'તમારી હેલી કયા ધોરણમાં છે ?'

'બહેન પહેલા ધોરણમાં..'

અને એ સાંભળી મને એક ઘેરો આઘાત લાગ્યો. આ તે કેવી મા ! એમની દીકરી બાલમંદિરના મુક્ત વાતાવરણમાંથી હજી આ મોટી સ્કૂલમાં આવે છે, એ નવા વાતાવરણમાં સેટ થતાં ય વાર તો લાગે ને ! એટલી વારમાં એમને એને ભણાવવાની ઉતાવળ આવી ગઈ ! માબાપની અધીરાઈને ય કોઈ મર્યાદા હોય છે ખરી !

બાળક આ નવી સ્કૂલ અને નવા વાતાવરણથી શરૂઆતમાં મૂંઝાય નહીં, માહિતગાર બની જાય, આત્મીયતા કેળવી શકે ને તેને ત્યાં ગમે તે માટે અમે નવું વર્ષ શરૂ થતાં પહેલા બે દિવસ બાળકો માટે મોટી સ્કૂલમાં ઓરિએન્ટેશનનો કાર્યક્રમ યોજીએ છીએ જેથી બાળક તેના શિક્ષક અને વાતાવરણથી સુપરિચિત થઈ જાય અને વેકેશન પછી નવી સ્કૂલમાં આવે ત્યારે તેને તે વાતાવરણમાં ગોઠવાઈ જતાં સરળતા પડે, પણ માબાપ ત્યારે કહેશે 'એ શું લેવા મૂકવાનાં દો'ડા કરવાનાં ! ત્યાં કશું ભણાવતાં તો નથી. ભેગાં કરી સંગીત કરાવે, શાળામાં ફેરવે, નાસ્તો કરાવે ને છોડી મૂકે.. એટલા માટે છોકરાંને શું મોકલીએ ?' અને એટલે એ બાળકો ઉઘડતી સ્કૂલે ખૂબ મૂંઝાઈ જાય છે. નવું જ વાતાવરણ, નવા જ શિક્ષકો, ભણવાનું, બાલમંદિરની જેમ આખો દિવસ રમવાનું નહીં, બાળકનો જીવ ગૂંગળાય નહીં ! એને ય શિક્ષક સાથે સહાધ્યાયીઓ સાથે મેળ તો પહેલો પાડવો પડશે ને ! ભણવામાં તો પછી રસ પડશે.. એટલે માત્ર પહેલા જ પંદર દિવસમાં બાળક પંડિત થઈ જાય તેવું કયાંથી લખતું ને ભણતું થઈ જવાનું છે ! આટલા છોકરાને વળી ઘેર ભણાવવાનું જ શાનું હોય ! એને તો નિજાનંદની મસ્તીમાં મહાલવા દેવાનું હોય... ચોપડીનું જ્ઞાન એ જ શું જ્ઞાન છે ! આ માબાપોને મારે શું સમજાવવું કે દુનિયામાં ચારે બાજુ જ્ઞાનનો અખૂટ ભંડાર પડયો છે બાળકને બહારની દુનિયા જોવા દો, ચોપડીની બહાર માથું કાઢવા દો અને ઈશ્વરે એને આપેલી જીજ્ઞાસાવૃત્તિને કારણે એના મનમાં ઉદ્ભવતાં પ્રશ્નો પૂછવા દો, એનાં જવાબો આપવા તમે સક્ષમ બનો અને પછી જુઓ એ બાળકનાં સર્વાંગી વ્યક્તિત્વનો વિકાસ કેવો થાય છે !

જુદા જુદા બાળકો તેમ જુદા જુદા પ્રશ્નો. કુંતલ પહેલા ધોરણમાં ખૂબ ડાહ્યો, ખૂબ હોંશિયાર બધું જ લખે ને સરસ ભણે, પણ બીજા ધોરણમાં એવું બન્યું કે એકવાર ટ્રેન આવી, છોકરાંઓને તો ટ્રેન જોવી કેટલી ગમે ? બધાં જ ટપોટપ બેંચ પર ઉભા થઈ ગયાં, ધક્કામુક્કી કરવા લાગ્યા, એવામાં કોઈને વાગી કરી જાય તો ! એટલે વર્ગમાં બેને ઊંચા સાદે ઘાંટો પાડયો, પાડવો ય પડે જ ને ! ઘરમાં ય છોકરાં તોફાન કરે તો કયારેક તો લડવું જ પડે છે ને ! પણ કુંતલ તો ખૂબ જ ઢીલો અને સંવેદનશીલ, એને કોઈ જ લઢયું ન હતું પણ એ ઘાંટો સાંભળી ગભરાઈ ગયો અને જીદે ચઢી ગયો કે 'હવે હું એ બેનના વર્ગમાં નહીં જ બેસું,' એમાં વળી બન્યું એવું કે એનું કંઈ લખવાનું અધૂરું રહ્યું હશે, બાળક છે, કયાંક મિત્રો સાથે વાતમાં રહી જાય, ધ્યાન બે ધ્યાન રહી જાય, તો કયારેક પૂરું ન પણ લખાય, એટલે બેને મમ્મી પર ચિઠ્ઠી લખી આપી, 'મમ્મીની સહી કરાવી લાવજે' કુંતલ તો ચિંતાતુર થઈ ગયો, વળી ઘેર પણ મમ્મી થોડી અકળાઈ તો હશે જ, કારણકે દરેક માને એના દીકરાની આવી રીમાર્ક આવે એટલે ગમે તેટલો મન પર કાબુ રાખવાનો પ્રયત્ન કરે પણ તેની લાગણીઓ કાબુમાં તો ન જ રહી શકે. કુંતલને તેની ખૂબ અસર થઈ એ 'વર્ગમાં નહીં જ બેસું' એવું નક્કી કરી બેઠો, આખરે એનો વર્ગ બદલાવ્યો, પણ એને તો સ્કૂલનો જ ડર પેસી ગયો હતો. માત્ર મારી ઓફિસમાં જ બેસવા તૈયાર હતો. મેં પણ એન થોડો તો ધમકાવ્યો પણ તે ઘણો મક્કમ હતો. સમજાવ્યો, પણ કંઈ વળે તેમ ન હતું, મારી ઓફિસમાં બે ત્રણ દિવસ માત્ર બેસી રહ્યો, ચોથે દિવસે હું મારા લેખનકાર્યમાં મગ્ન હતી, એ જોઈ એને ભણવાની પ્રેરણા થઈ 'બેન હું ભણું ?' અને એણે તો બરાબર બધા વિષયનું ભણવાનું ચાલુ કરી દીધું. બીજા દિવસથી કુંતલ સરસ રીતે વર્ગમાં, સંગીતમાં બધામાં ગોઠવાઈ ગયો, સ્કૂલની બીક કયાંય ચાલી ગઈ, છોકરાંઓને કયારે કયાં શું ખટકે છે તે બહુ ધીરજપૂર્વક શોધવું પડે છે, આપણે હંમેશા સમજવું પડશે કે બે બાળક કયારે ય સરખા હોતા નથી, એક બાળકની બે પળ સરખી હોતી નથી દરેક બાળકની નાડ પારખતા શીખવું પડે, બાળક જીવંત છે, એની સંવેદનશીલતાને પારખતાં શીખવું જોઈએ, શિક્ષકોએ અને માબાપોએ બધાએ જ ... તો જ બાળક વિકસે અને ખીલે...

**ઊર્મિલા શાહ**

### તબલા વાદન

આ વર્ષે શાળામાં શરૂ થયેલ તબલા તાલીમ વર્ગમાં શાળાના લગભગ ૧૧ વિદ્યાર્થીઓ બૃહદ ગુજરાત સંગીત સમિતિ તરફથી લેવાયેલ તબલાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. ૮ બાળકોએ વિશેષ યોગ્યતા તેમજ બીજા ત્રણ બાળકોએ પ્રથમ વર્ગ પ્રાપ્ત કરેલ છે. સૌને અભિનંદન.

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

તા.૧૬-૬-૧૧ને ગુરુવારથી બાલવાડીનું નવું સત્ર શરૂ થયું. નવા પ્રવેશ પામેલા બાળકો હવે ખૂબ સરસ રીતે ગોઠવાઈ ગયા છે. બાલમંદિરનાં વિશાળ પ્રાંગણમાં ક્રિડાંગણનાં સાધનો સાથે મુક્ત મને રમવા લાગ્યા છે, અને બાલમંદિરના રળિયામણાં વાતાવરણમાં કિલ્લોલવા લાગ્યા છે. શાળાનું આખું ય વાતાવરણ બાળકોના ખિલખિલાટ હાસ્ય અને મીઠા કલરવથી ગાજવા લાગ્યું છે.

બાળકોને વાજીંત્રો સાથે ગવાતું સંગીત અતિપ્રિય છે. સંગીત શરૂ થતાં જ બાળકો તેમાં તન્મય થઈ ઝૂમી ઉઠે છે.

'ભૂંડી ઉંદરડી' અને 'સિંહ અને સસલું' જેવી બાળવાર્તાઓ બાળકોને રસપૂર્વક સાંભળતા નિહાળવા એ એક લ્હાવો છે. રથયાત્રા નિમિત્તે ભગવાન જગન્નાથની કૃષ્ણ,બલરામ અને સુભદ્રાની વાર્તા કહી 'જયરણછોડ માખણચોર' ની ધૂન બોલાવી. ગૌરીવ્રત નિમિત્તે નાનકડી બાળાઓએ રંગબેરંગી ચણિયાચોળી પહેરી માથે જ્વારા મૂકી, 'ગોરમાનો વર કેસરિયો' ગરબો ગાઈને ગોરોનો પર્વ ઉજવ્યો.

### બાલમંદિર

તા.૧૩-૬-૧૧ને સોમવારથી બાલમંદિરનું નવું સત્ર શરૂ થયું. બાલવાડીમાં શાળાથી પરિચિત બાળકો અહીંના વાતાવરણમાં ગોઠવાઈ ગયા.

તા.૨-૭-૧૧ને શનિવારે રથયાત્રાના તહેવારની સમજ સમૂહવાર્તા દ્વારા આપી.દરેક ધર્મના લોકો એક થઈ આ તહેવાર ખૂબ ધામધૂમથી ઉજવે છે એની સમજ આપી.

તા.૫-૭-૧૧ને મંગળવારે ગૌરીવ્રત નિમિત્તે જ્વારાની વાવણી કરાવી, માથે જ્વારા મૂકી 'ગોરમાનો વર કેસરીયો' ગાવાની મજા માણી.

તા.૧૫-૭-૧૧ને શુક્રવારે ગરૂપૂર્ણિમા નિમિત્તે બાળકોને ગુરુનું

મહત્વ સમજાવી ધૂન ગવડાવી. સ્વામિનારાયણ ભગવાને આ જ દિવસે શિક્ષાપત્રી લખી હતી અને એકલવ્યએ ગુરુદક્ષિણામાં આપેલ અંગૂઠા અંગે માહિતી આપી આપણા જીવનમાં ગુરુનું કેટલું મહત્વ હોય છે એ સમજાવ્યું.

**સૂચના :** બાલમંદિર 'બ' વિભાગ અને તાલીમના બાળકો માટે સમય સવારના ૧૧-૩૦ થી ૪-૧૫નો રહેશે.

વાલીએ બાલમંદિરમાં મળવા માટે બુધવાર અને શુક્રવારે બપોરે ૩ થી ૪ માં માત્ર ઓફિસમાં જયશ્રીબેનને મળવું.

**બાળગીતો અને અભિનય ગીતોની સી.ડી.**

બાલમંદિરમાં ગવાતાં બાળગીતો અને અભિનય ગીતોની સી.ડી. ઉપલબ્ધ છે. બાલમંદિર તેમજ નવા શારદામંદિરની મુખ્ય ઓફિસમાંથી તે મેળવી શકાશે. જેની કિંમત રૂ.૩૦/- છે.

## શિશુમંદિર

તા.૨૩-૬-૧૧ના રોજ ધો.૫-૬-૭-૮ના મહામંત્રી અને ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | રાજ શાહ |
| | (બહેનો) | ધ્રુવી સોઢા |
| ઉપમંત્રી | (ભાઈઓ) | ધ્રુવ ગાંધી |
| | (બહેનો) | કવિશા શાહ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | મીત ઝવેરી |
| | | ઉપનેતા | ધ્રુવ રાણપુરા |
| | (બહેનો) | નેતા | હાર્દિ શાહ |
| | | ઉપનેતા | ક્રિશા શાહ |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | કશિશ શાહ |
| | | ઉપનેતા | અર્ણવ દેસાઈ |
| | (બહેનો) | નેતા | નેહા ત્રિવેદી |
| | | ઉપનેતા | ધ્વનિ શાહ |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | સાગર પટેલ |
| | | ઉપનેતા | નિસર્ગ ચોકસી |
| | (બહેનો) | નેતા | સ્તુતિ શાહ |
| | | ઉપનેતા | જલવિની મહેતા |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | નિશિત પટેલ |
| | | ઉપનેતા | પાર્થ રાવલ |
| | (બહેનો) | નેતા | શ્રુતિ શાહ |
| | | ઉપનેતા | શિમોલી શાહ |

**આંતરગૃહ સ્પર્ધા :**

**મહેંદી સ્પર્ધા :** તા.૧૫-૭-૧૧

| | | |
|---|---|---|
| પ્રથમ | સ્તુતિ શાહ | રત્નદીપ |
| દ્વિતીય | નેહા ત્રિવેદી | મેઘનાદ |
| | ઋષિકા જોષી | મેઘનાદ |
| તૃતીય | વિશ્વા કકૈયા | ગંગોત્રી |
| | કવિષા શુકલ | રત્નદીપ |

**સૂચના :** આપના પાલ્ય માટે શાળામાં મળવું હોય તો સોમવારથી શુક્રવાર બપોરે ૩ થી ૪ માં મુખ્ય ઓફિસમાં મળવું.

બાળકના અભ્યાસ તથા વર્તન બાબત પરસ્પર માહિતી આપી શકાય તે માટે વાલી વ્યક્તિગત રીતે બાળકના વર્ગશિક્ષકને મળી શકે તે માટે મહિનાના આખર દિવસે છૂટવાના સમય અગાઉ શિક્ષકને મળી શકાશે. જેમને પ્રશ્નો હોય તે આ વ્યવસ્થાનો લાભ લઈ શકશે.

## SHARDAMANDIR MODERN SCHOOL

તા.૬-૭-૧૧ના રોજ મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | નીકેશ કોઠારી |
| | (બહેનો) | અંજસિ શાહ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | યશ શાહ |
| | (બહેનો) | ઝીલ પરમાર |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| કદંબ | (ભાઈઓ) | નેતા | દર્શન શાહ |
| | | ઉપનેતા | નીલ મોદી |
| | (બહેનો) | નેતા | તુલસી મહેતા |
| | | ઉપનેતા | નિયોમી રાબડુ |
| અમલતાસ | (ભાઈઓ) | નેતા | હર્ષિત શાહ |
| | | ઉપનેતા | શૈલ રાવલ |
| | (બહેનો) | નેતા | હેલી દલાલ |
| | | ઉપનેતા | પ્રાચી સોની |
| પલાશ | (ભાઈઓ) | નેતા | નિનાદ બુચ |
| | | ઉપનેતા | શિવેન પંડયા |
| | (બહેનો) | નેતા | ભાષા શાહ |
| | | ઉપનેતા | વિધિ શાહ |
| પારિજાત | (ભાઈઓ) | નેતા | રોહન શાહ |
| | | ઉપનેતા | નવલખા ધ્રુવ |
| | (બહેનો) | નેતા | શિવાની શાહ |
| | | ઉપનેતા | કુંજલ બ્રહ્મભટ્ટ |

**આંતરગૃહ સ્પર્ધા :**

**મહેંદી સ્પર્ધા :** તા.૧૩-૭-૧૧

| | | |
|---|---|---|
| પ્રથમ | ભાષા શાહ | પલાશ |
| દ્વિતીય | શિવાની શાહ | પારિજાત |
| | નતાશા શાહ | અમલતાસ |
| તૃતીય | કુંજલ બ્રહ્મભટ્ટ | પારિજાત |
| | ઉર્મિ વઘાસીયા | અમલતાસ |
| | પ્રિયાંશી મહેતા | કદંબ |

અંગ્રેજી માધ્યમમાં માર્ચ-૨૦૧૧માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૧૦૦ % આવ્યું છે.

## વિનયમંદિર

તા.૨૫-૬-૧૧ના રોજ ધો.૯-૧૦-૧૧-૧૨ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | અંશુલ પટેલ |
| | (બહેનો) | નિધિ પટેલ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | તીર્થ ગાંધી |
| | (બહેનો) | હાર્દિ કાનુગા |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | રાહીલ અગ્રવાલ |
| | | ઉપનેતા | હેત મિસ્ત્રી |
| | (બહેનો) | નેતા | ખુશ્બુ ઠક્કર |
| | | ઉપનેતા | કક્ષા શાહ |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | સ્વપ્નીલ મકવાણા |
| | | ઉપનેતા | દ્વિજ જાની |
| | (બહેનો) | નેતા | અવની કથિરીયા |
| | | ઉપનેતા | જહાન્વી પંડયા |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | વંદિત શાહ |
| | | ઉપનેતા | આકાશ શુક્લ |
| | (બહેનો) | નેતા | હિમાંશી દવે |
| | | ઉપનેતા | શીલા કોન્ટ્રાકટર |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | કશ્યપ મોરી |
| | | ઉપનેતા | ધ્યેય શાહ |
| | (બહેનો) | નેતા | કૃષા વડેચા |
| | | ઉપનેતા | રુચા ઠાકર |

## આંતરગૃહ સ્પર્ધા :

**મહેંદી સ્પર્ધા :** તા.૧૨-૭-૧૧

| | | |
|---|---|---|
| પ્રથમ | વ્યોમા મહેતા | (પદ્મપુકુર) |
| દ્વિતીય | શૈલી શાહ | (મેઘદૂત) |
| | માનસી પરીખ | (ચંદ્રમૌલિ) |
| તૃતીય | હીના શુક્લ | (ચંદ્રમૌલિ) |
| | કલગી શાહ | (ચંદ્રમૌલિ) |

**વક્તૃત્વ સ્પર્ધા :** તા.૧૪-૭-૧૧

| | | |
|---|---|---|
| પ્રથમ | સમકિત શાહ | (ગીતગોવિંદ) |
| દ્વિતીય | જાનકી પટેલ | (મેઘદૂત) |
| | હર્ષ શાહ | (મેઘદૂત) |
| તૃતીય | રૂચા ઠાકર | (ચંદ્રમૌલિ) |
| | કથિરીયા અવની | (ગીતગોવિંદ) |

**બોર્ડના પરિણામ :**

માર્ચ ૨૦૧૧માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહનું શાળાનું પરિણામ ૯૮.૪૮ % આવ્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦ % આવ્યું છે અને ન્યુ એસ.એસ.સી.નું શાળાનું પરિણામ ૯૮.૭૦ % આવ્યું છે.

**ઈનામો :** શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **મીત પરેશભાઈ શાહ**ને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૨) એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **ઈશીતા દિવ્યેશભાઈ શાહ**ને સ્વ.પન્નાબેન ગાંધીના સ્મર્ણાર્થે રૂ.૧૨૫/- નું ઈનામ મળે છે.

(૩) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **પલક પ્રકાશભાઈ મહેતાને** સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી.,એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતીબેન પટેલના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી. | **શૈલી વિપુલભાઈ શાહ** |
| (૨) | એચ.એસ.સી.વિ.પ્ર. | **ઈશિતા દિવ્યેશભાઈ શાહ** |
| (૩) | એચ.એસ.સી.સા.પ્ર. | **પલક પ્રકાશભાઈ મહેતા** |

(૫) ન્યુ એસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **ક્રિષ્ના અજયભાઈ શાહને** સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મર્ણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર **મીત પરેશભાઈ શાહને** સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧ નું ઈનામ મળે છે.

(૭) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમીનીસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **સિધ્ધાલી જયેશકુમાર પ્રજાપતિને** રૂ.૧૨૫/-તથા દ્વિતીય આવનાર **શ્રુતિ મહેન્દ્રભાઈ શેઠ**ને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૮) એચ.એસ.સી વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરીના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **કેયુર ભુપેન્દ્રભાઈ શાહ**ને રૂ.૧૦૧/- તથા મેડીકલનાં મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **રિદ્ધિ નિલેશભાઈ ભટ્ટ**ને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મર્ણાર્થે મળે છે.

(૮) એચ.એસ.સી.માં કમ્પ્યૂટર વિષયમાં બહેનોમાં પ્રથમ આવનાર **પલક પ્રકાશભાઈ મહેતાને** સ્વ.પ્રિયલ ઉપાધ્યાયના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૯) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે પ્રથમ ઈનામ **મીશા શાહ**ને રૂ.૧૨૫/- અને દ્વિતીય ઈનામ **ધ્યેય હિરેનભાઈ ત્રિવેદી**ને રૂ.૧૦૧/- મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

**એકલવ્ય સ્કોલરશીપ :** એકલવ્ય એજયુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦,૧૧ના બંને પ્રવાહમાં પ્રથમ આવનાર બહેનોને એકલવ્ય તરફથી સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | |
|---|---|---|
| (૧) | રીચા શાહ | ધો.૮ |
| (૨) | ક્રિષ્ના શાહ | ધો.૯ |
| (૩) | શૈલી શાહ | ધો.૧૦ |
| (૪) | મોહિની કુકાવાલા | ધો.૧૧ સા.પ્ર. |
| (૫) | અપર્ણા નવલખા | ધો.૧૧ વિ.પ્ર. |

★★★

## સરદારની સાદગી

આઝાદીની પ્રાપ્તિ બાદ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન તરીકે ભારે બોજને કારણે બીમારીમાં આરામ કરવા વલ્લભભાઈ સિમલા ગયા હતા. તેમની ખબર જોવા ભારતના વિવિધ ક્ષેત્રના મોટા ચમરબંધીઓ આવતા. એકવાર મહાવીર ત્યાગી તેમને મળવા આવ્યા ત્યારે સરદારની સાથે રહેતાં તેમના પુત્રી મણિબહેનને સાંધેલાં કપડાંમાં જોયા. ત્યાગીનો સરદાર સાથે નિકટનો નાતો હતો. તેમણે મણિબહેનને મજાકમાં કહ્યું, આટલા મોટા બાપની દીકરી થઈ આવાં કપડાં કેમ પહેરે છે?

તેનો જવાબ સરદારે આપ્યો. આ છોકરી, હું સૂઈ જાઉં પછી કાંતે છે. તેમાંથી જે સૂતર થાય તેમાંથી મારા વસ્ત્રો તૈયાર થાય છે. મારાં ઘસાઈ ગયેલાં કપડાંમાંથી એ પોતાનાં કપડાં સિવડાવે છે. આ બધો ક્રમ તેણે પોતે જ નક્કી કરેલો છે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : sharda.mandir@yahoo.com